


શિવશક્તિ મહાયાગ - શહેરની જાણીતી ધાર્મિક અને સાંસ્કૃતિક સંસ્થા જયઅંબે પરિવારના ત્રિદશાબ્દી મહોત્સવ પ્રસંગે આરંભાયેલ શિવશક્તિ મહાયાગના દર્શને પૂજ્ય ગુરૂમા પધાર્યા હતા... છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલ મહાયાગના દર્શને શહેરના વિવિધ સમાજો અને સંસ્થાના આગેવાનો મોટી સંખ્યામાં પધારે છે... મહાયાગ ઉપરાંત વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનો લાભ પણ ભાવિકો લઈ રહ્યા છે...

# શહેરના ૨૪૦ વાહનચાલકોને ૧૦થી વધુ ઈ-મેમા છતા દંડ ભર્યો નથી

### પોલીસે આવા વાહનચાલકોની યાદી આર ટી ઓ ને આપી : વાહનચાલકોને આર ટી ઓ તંત્ર નોટીસ આપી લાયસન્સ રદ કરવા સુધીના પગલા લેશે

ગાંધીનગર તા ૯

શહેરમાં ટ્રાફિક નિયમનાના કડક અમલના અંતે વાહનચાલકો વિશેષ જાગૃત થયા છે. આમછતા ૧૦ થી વધુ ઈ મેમાના અંતે દંડની રકમ ભરપાઈ ન કરતા હોય તેવા વાહનચાલકોની સંખ્યા પણ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજગોમાં તંત્રએ હવે આવા વાહનચાલકોના લાયસન્સ રદ કરવા સુધીના પગલા લેવાનો નિર્ણય કર્યો છે. શહેરમાં ૨૪૦ જેટલા વાહનચાલકોને અત્યાર સુધી ૧૦ થી વધુ ઈ મેમો આપવામાં આવ્યો છે. આમછતા આ વાહનચાલકોએ દંડ ભરપાઈ કર્યો નથી જેના લીધે આગામી દિવસોમાં આર ટી ઓ કચેરી દ્વારા આ વાહનચાલકોને નોટીસ આપી લાયસન્સ રદ કરવા સુધીના પગલા લેવાશે.

શહેરમાં ટ્રાફિક નિયમનના મુદ્દે કડક દંડ વસુલી કરવામાં આવી રહી છે. શહેરમાં ટ્રાફિક નિયમનનો ભંગ કરતા વાહનચાલકોને ઈ મેમો પણ આપવામાં આવે છે. શહેરમાં વિવિધ ઠેકાણે કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જયારે ટ્રાફિક સિગ્નલ શરૂ થયા બાદ નગરજનો વિશેષ રીતે નિયમન માટે જાગૃત થયા છે. બીજીતરફ હાલ નવા નિયમોના અમલીકરણ માટે પણ કડક કામગીરી કરવામાં આવતા પીયુસી હેલ્મેટ તેમજ સીટ બેલ્ટ સહીતના દંડની વસુલી પણ કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં વાહનચાલકો પણ ટ્રાફિક નિયમન માટે વિશેષ કાળજી દાખવી રહ્યા છે. શહેરમાં સી સી કેમેરાની વોચ હેઠળ પોલીસ દ્વારા વાહનચાલકોને ઘરે ઈ મેમો પણ મોકલવામાં આવી રહ્યા છે. જયારે અગાઉ પણ કેમેરાના માધ્યમથી સર્વેલન્સના અંતે વાહનચાલકોને મેમો ઈસ્યુ કરવામાં આવતા હતા.

● અનુસંધાન પાન-૭ પર

### પેપરલેસ વહીવટી પ્રથાના ભાગરૂપે કલેક્ટર કચેરી દ્વારા

# ગાંધીનગર તાલુકાની તમામ જમીનોના ટાઈટલ સ્ટેટસ્ અંગેનો પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરાયો

### બિનખેતી, પ્રિમીયમ સહિતની કામગીરીના ઝડપી નિકાલ માટે આ પ્રોજેક્ટ મહત્વનો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકામાં તમામ ગામોની જમીન અંગે ટાઈટલ સ્ટેટસ્ હવે આંગળીની એક ક્લીકથી ઉપલબ્ધ બને તે માટેનો પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

તાજેતરમાં મહેસુલ તપાસણી કમિશનર દ્વારા યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં આ પાયલોટ પ્રોજેક્ટ માટે ગાંધીનગર તાલુકાની પસંદગી કરવામાં આવી હોવાની જાણ કરાઈ હતી.

તાલુકાના ૭૫થી પણ વધુ ગામોની જમીનોના ટાઈટલ સ્ટેટસ અંગેનો આ પાયલોટ પ્રોજેક્ટ એક માસમાં જ સંપન્ન કરવામાં આવે તેવી પણ સૂચનાઓ આપવામાં આવી છે.

બિનખેતી, પ્રિમીયમ વિગેરે પ્રકારની કામગીરીના નિકાલ માટે ટાઈટલ ક્લીયરની ખરાઈ ચોકસાઈ માટે આ તાલુકાની પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત પસંદગી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ કામગીરી સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે માટે તેના આયોજન અને સંકલનની સમગ્ર જવાબદારી ગાંધીનગર પ્રાંત અધિકારીને આપવામાં આવી છે.

સરકારની સૂચનાને પગલે કલેક્ટર કચેરીના ચોથા માળે આજથી આ કામગીરીનો આરંભ પણ કરી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સાત જેટલા નાયબ મામલતદારોની નિગરાનીમાં તલાટીઓ સહિતની ટીમો બનાવી દેવાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેર ભાજપના સ્નેહ મિલનનો કાર્યક્રમ રદ કરાયો

ગાંધીનગર તા ૯

અયોધ્યાય રામમંદિરના ઐતિહાસિક ચુકાદાને અનુલક્ષી આજે શહેર જિલ્લામાં ચાંપતો બન્દોબસ્ત ગોઠવી દેવાયો હતો. રામમંદિરના ઐતિહાસિક ચુકાદાને ધ્યાને લઈ ભાજપના સ્નેહમિલન સહીતના તમામ કાર્યક્રમો પણ રદ કરી દેવાયા હતા. ગાંધીનગર ભાજપ મહાનગર દ્વારા આયોજિત સ્નેહ મિલન સમારોહનો કાર્યક્રમ પણ આખરે રદ કરાયો હતો.

રામમંદિરના ઐતિહાસિક ચુકાદાને અનુલક્ષી આજે સવારથી જ શહેર તેમજ જિલ્લામાં કડક પોલીસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. જયારે ચુકાદાને અનુલક્ષીને કોઈપણ પ્રકારની ગેરસમજ કે અફવાઓ સહીત ખોટા ઉશ્કેરણીજનક મેસેજીસ ન ફેલાય તે માટે પણ સોશિયલ મીડીયા પર ચાંપતી નજર રાખવામાં આવી હતી. ચુકાદો જાહેર થતા વિવાદિત કેસનો અંત આવ્યો હતો. જયારે આ મામલે પ્રધાનમંત્રીએ અગાઉથી જ તાકીદની બેઠક બોલાવી ચુકાદાના મામલે કોઈપણ પ્રકારના ઉત્તેજનાત્મક ભાષણો ન કરવા માટે તાકીદ કરી હતી. જયારે ભાજપના પણ તમામ કાર્યક્રમો બંધ રાખવામાં આવ્યા હતા.

# સાંસદ આદર્શ ગામ તરીકે પસંદ પામેલ ગામમાં જ વિકાસના કામ હાથ નથી ધરાયા

### પોર ગામની રાત્રિસભામાં જનાક્રોશ વ્યક્ત થયો

ગાંધીનગર, તા. ૯

સાંસદ આદર્શ ગામ તરીકે પસંદગી પામેલ પોર ગામમાં વિકાસના કામો છેલ્લા બે વર્ષથી હાથ ધરવામાં નહિ આવ્યા હોવાની ઉગ્ર રજુઆત આજે મામલતદાર કચેરી દ્વારા યોજાયેલ રાત્રિસભામાં ગ્રામજનોએ કરી હતી.

સેવાસેતુ કાર્યક્રમના સમાપન પછી યોજાતી આ રાત્રિ સભામાં લોકોએ રોષપૂર્વક રજુઆત કરતાં જણાવ્યુ હતુ કે ૧૩મી લોકસભા વખતે સાંસદ આદર્શ ગામ તરીકે પસંદગી ડૉ. કીરીટ સોલંકી દ્વારા કરવામાં આવી હતી. આ પછી ગામમાં વિકાસના કોઈ કામ હાથ ધરાયા નથી. ઉલ્ટાનો સતત અન્યાય થઈ રહ્યો છે.

આ રાત્રિસભામાં ગટર, વીજળી, એસ.ટી. બસની સેવાઓ સહિતના ૫૦થી પણ વધુ પ્રશ્નોની રજુઆત ગ્રામજનોએ કરી હતી. આમ ગાંધીનગર તાલુકામાં આ સપ્તાહ દરમ્યાન યોજાયેલ બે સેવાસેતુના કાર્યક્રમ દરમ્યાન ૧૦૦થી વધુ પ્રશ્નો ગ્રામજનો દ્વારા રજુ થતાં જિલ્લા વહીવટીતંત્ર ચોંકી ઉઠ્યું છે.




આ રાત્રિસભામાં તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ શોભનાબેન વાઘેલા, મામલતદાર સુનિલ રાવલ હાજર રહ્યા હતા. તેમણે આ બાબતે જિલ્લાકક્ષાએ યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની ખાત્રી આપી હતી. સ્થળ પર ૧૫ જેટલા પ્રશ્નોનો સકાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત પણ કામગીરી નહિ થતી હોવાની ગ્રામજનોએ રજુઆત કરી હતી. વારંવાર વીજ પ્રવાહ ખોરવાઈ જવાને કારણે બાળકોના અભ્યાસ પર થઈ રહેલી વિપરીત અસરોને લઈ પણ ગ્રામજનોએ રજુઆત કરી હતી.

# જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓની તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ચકાસણી હાથ ધરાઈ

### શાખાધિકારીઓને ઉદાસીન વલણ છોડવાની સ્પષ્ટ ચીમકી આપતા ડીડીઓ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચારથી વધુ શાખાઓમાં આજે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ દ્વારા ક્રોસ ચેકિંગ કરાયુ હતુ. શાખાઓની વિવિધ કામગીરીની પણ સમીક્ષા કરી હતી જેમાં ઘણી નબળી કામગીરીનું ચિત્ર ઉપસ્યુ હતુ.

ગઈકાલે જિલ્લા વિકાસ અધિકારીએ પણ પંચાયતની વિવિધ શાખાઓની નબળી કામગીરીને લઈ ઉગ્ર રોષની લાગણી વ્યકત કરી હતી. યોજનાકીય અમલવારીમાં પણ ઉદાસીન વલણ સ્હેજે નહિ સાંખી લેવામાં આવે તેવી સ્પ્ષ્ટ ચીમકી પણ તેમણે આ બેઠકમાં ઉચ્ચારતાં તંત્રમાં આજે સન્નાટો વ્યાપી ગયો હતો.

ગઈકાલે જ તેમણે તાલુકા વિકાસ અધિકારીઓને પણ શાખાઓની ચકાસણી કરવાની

● અનુસંધાન પાન-૭ પર


## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. તરૂણાબેન બળવંતભાઈ પટેલ**

સ્વ. તા. ૧૦/૧૧/૨૦૧૮, શનિવાર

પડ્યા હૃદયમાં ઘા રૂઝાશે નહી,
મરણના આંસુ કદી સુકાશે નહી.
આપનો વિરલ સ્વભાવ કદી વિસરાશે નહી,
આપની ઓચિંતી વિદાય કદી ભુલાશે નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ આપે એ જ પ્રાર્થના
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

સ્વ. નારણભાઈ આત્મારામદાસ પટેલ
નીમા બળવંતભાઈ પટેલ — બળવંત નારણભાઈ પટેલ
જૈમિન બળવંતભાઈ પટેલ — ચમનભાઈ આત્મારામદાસ પટેલ
લાભુબેન રામાભાઈ પટેલ — રામાભાઈ આત્મારામદાસ પટેલ
ફાલ્ગુનીબેન રતિશચંદ્ર પટેલ — રતિશચંદ્ર રામાભાઈ પટેલ
ઈલાબેન વિજયભાઈ પટેલ — વિજયભાઈ રામાભાઈ પટેલ
ધરા, કૃપા, ક્રિસ, હેના
કોલવડા ગામ - ૪૨ સમાજ પરિવાર


# અયોધ્યા ચુકાદાને પગલે શહેરમાં દિવસભર પોલીસ સ્ટેન્ડ ટુ રખાઈ

ગાંધીનગર, તા. ૯

દેશમાં વર્ષોથી અયોધ્યા રામ મંદિર મામલાનો ચુકાદો પડતર હતો. આ કેસનો ઐતિહાસિક ચુકાદો આજે સવારે જાહેર કરાયો. આ ચુકાદને લઈ ગાંધીનગર શહેર જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લામાં સૌહાર્દપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તેની ખાસ તકેદારી ગાંધીનગર પોલીસે રાખી હતી.

આજે સવારથી જ જિલ્લાભરની પોલીસનો કાફલો ગોઠવાઈ ગયો હતો. અયોધ્યાના ચુકાદને લઈ ગાંધીનગરના માણસા-દહેગામ, કલોલ અને ગાંધીનગરના વિસ્તારોમાં પોલીસનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને પેટ્રોલીંગ સતત ચાલુ રાખવામાં આવ્યુ હતુ. ગાંધીનગરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસે ખાસ તકેદારી રાખી હતી. ગાંધીનગરમાં જિલ્લામાં કોઈપણ સ્થળે કોઈ વિવાદ કે વિખવાદ જોવા મળ્યો ન હતો. જો કે તકેદારીના ભાગરૂપે પોલીસે શનિવારે આખો દિવસ ખડેપગે હાજર જોવા મળી હતી. અયોધ્યા કેસના ચુકાદાને અનુલક્ષી પોલીસ શનિ-રવિવારના રોજ સ્ટેન્ડ ટુ રહેશે. ચુકાદાને પગલે કોઈ અસામાજીક તત્વોને નજરકેદ નહોતા કરાયા. જો કે મળતી માહિતી પ્રમાણે પોલીસતંત્ર દ્વારા તમામ પોલીસમથક વિસ્તારના ભાંગફોડીયા તત્વો અને ભડકાઉ ભાષણો માટે જાણીતા નાગરીકો પર સતત નજર રાખવામાં આવી રહી હતી. જેથી કરીને આવા તત્વો કોઈને ઉશ્કેરે નહી કે કાંકરીચાળો કરે નહી. ગાંધીનગર શહેરના મુખ્ય પ્રવેશદ્વારો પર શનિવારે દિવસભર પેટ્રોલીંગ સાથે વાહન ચેકીંગ કરવામાં આવ્યા હતા.



શહેરના નાગરીકો અને વાહનચાલકોએ પણ શાંતિ જાળવીને બંદોબસ્તમાં રહેલા પોલીસ કર્મચારીઓને ચેકીંગમાં સહકાર આપ્યો હતો. શહેર જિલ્લાના મુખ્ય પોઈન્ટ પર પોલીસ જવાનો સાથે હથીયારધારી પોલીસ પણ તૈનાત કરી દેવાઈ હતી.


ખુબ વધે નામના તમારી
એવી અભ્યર્થના અમારી



**શ્રી નરેશભાઈ દવે**
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન

ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશનના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થવા બદલ શ્રી નરેશભાઈ દવે તથા તેમની ટીમને હાર્દિક શુભેચ્છા....

-● શુભેચ્છક ●-
ભાવીન પટેલ (ઉમિયા એન્ટરપ્રાઈઝ)
ભદ્રેશભાઈ શાહ (વરદાયની પ્લાયવુડ) (મામા)
પ્રવિણભાઈ પટેલ (દર્શન પાર્લર)
ફિરોઝ મલેક (પ્રસંગ મંડપ)
કૌશિકભાઈ સુખડીયા (ગોપાલ કેટરર્સ)
ઘનશ્યામભાઈ પ્રજાપતિ
(સેક્ટર-૨૪ મિત્ર મંડળ)



શુભ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ લાભ

**જયઅંબે ભોજનાલય કેટરર્સ**

અમારે ત્યાં સાત્વીક, સ્વાદિષ્ટ ભોજન જમવા પધારો
ભોજનની પાર્સલ વ્યવસ્થા છે.
જમવા તથા પાર્સલ માટે સવાર ૯ થી ૧૨ કલાકે
તથા સાંજે ૫ થી ૭ કલાક સુધીમાં સંપર્ક કરવો
કુંદનલાલ ડી. પટેલ
પ્લોટ નં. ૩૦૬/એ/૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર
મો. ૯૮૨૫૭ ૧૯૯૮૬, ૯૯૨૫૪ ૬૬૪૯૦

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com